ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૮૫/૩
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૧ – ૦૧ – ૨૦૧૧.

**:–: પ રિ પ ત્ર :–:**

વિષયઃ– **નિગમની વસાહતોમાં કો.ઓપરેટીવ સોસાયટીને રહેણાંકની જમીનની ફાળવણી કર્યા પછી નવા સભ્ય લેવા બાબત તથા તબદિલી ફી વસુલ લેવા બાબત.**
સંદર્ભઃ–**જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૨૦૦૭/૨૭તા.૦૬–૦૮–૨૦૦૭.**

નિગમની વસાહતોમાં ઔદ્યોગિક એકમોને અને ઔદ્યોગિક એકમોમાં ફરજ બજાવતા કર્મચારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. જેમાં, આવા ફાળવણીદાર ધ્વારા કો.ઓપરેટીવ સોસાયટી બનાવીને તબદિલી કરવા માટે નિગમની અરજીઓ મળતી હોય છે તેમજ અમુક કિસ્સાઓમાં શરૂઆતમાં અગિયાર/બાર સભ્યો હોય છે અને તે પછી સભ્યોની સંખ્યામાં અમુક કિસ્સાઓમાં સુધારા/વધારાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે નિગમની હાલમાં આ પ્રકારના તબદિલીના કિસ્સામાં નીતિ અમલમાં છે, કે જયારે જયારે તબદિલી અંગેની દરખાસ્ત મળે ત્યારે કો.ઓપરેટીવ સોસાયટીના મુળ સભ્યો બહુમતીમાં રહેતા હોય ત્યારે ફકત બાંધકામ થયેલ વિસ્તાર ઉપર રૂા.૪૦/– પ્રતિ ચો.મી. તબદિલી ફી વસુલવામાં આવે છે. પરંતુ જો તબદિલીની દરખાસ્ત વખતે મુળ સભ્યો બહુમતીમાં ન રહેતા હોય તો પ્લોટના પુરેપુરા વિસ્તાર ઉપર તબદિલી ફી સંદર્ભિત પરિપત્ર મુજબની ગણત્રી કરી વસુલ લેવામાં આવે છે.

આ નીતિમા સુધારો કરી સ્પષ્ટ ધોરણો નકકી કરવાની જરૂરીયાત ઉપરાંત આવા કિસ્સાઓમાં તબદીલી ફી મેળવવા માટે ઉપસ્થિત થતી વિસંગતતાને દુર કરવા સારૂ બાંધકામના વિસ્તારને ધ્યાને લઈ તબદીલી ફી વસુલ લેવા અંગેની નીતિ ઘડવા બાબતે નિગમની તા.૧૩–૧૨–૨૦૧૦ ના રોજ મળેલ ૪૫૨ મી સભા સમક્ષ કાર્યસુચિ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૧૨૨/વિતરણ/૪૫૨/૨૦૧૦ મુજબ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) કંપની સ્કીમ હેઠળ માલિક/ભાગીદાર કે નિયામકશ્રીને ફાળવવામાં આવેલ રહેણાંક પ્લોટની જયારે પ્રથમવાર સોસાયટીની તરફેણમાં તબદિલ કરવાની અરજી મળે ત્યારે ફાળવવામાં આવેલ પ્લોટના પુરેપુરા વિસ્તારની નિગમની પ્રવર્તમાન તબદિલીની નીતિ મુજબ તબદિલી ફી વસુલ લઈ તેનો નિકાલ કરવો.

(૨) કો.ઓપરેટી સોસાયટીના મુળ સભ્યો સિવાયના નવા દાખલ થનાર તમામ સભ્યો માટે પ્રતિ સભ્ય દીઠ કાર્પેટ એરીયાના પ્રતિ ચો.મી. એ રૂા.૧૦૦/– પ્રમાણેની તબદિલી ફી વસુલ લેવી.

(૩) આવી સોસાયટીમાં ફરીથી કોઈ સભ્ય અન્ય કોઈ સભ્યને ફલેટ/રો–હાઉસ કે બંગલો તબદિલ કરે ત્યારે તબદિલીથી નવા દાખલ થનાર સભ્ય પાસેથી ઉપર જણાવ્યા મુજબ કાર્પેટ એરીયાના પ્રતિ ચો.મી. એ રૂા.૧૦૦/– પ્રમાણેની તબદિલી ફી વસુલ લેવી.

(૪) ઉપર મુજબની નીતિ વાણિજય પ્લોટમાં આવેલ દુકાનો, રહેણાંક મકાનો, ફલેટ વિગેરેમાં પણ લાગુ પાડવાની રહેશે.

આવા પ્રકારની તબદીલીની દરખાસ્ત અંગે નિર્ણય લેવાની આખરી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(પા છ ળ)

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ...........

**<u>નકલ જયભારત સહ રવાના.</u>**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- મદદનીશ મેનેજર,ઉપા.અને વ.સં.શ્રી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ સદર પરિપત્ર નિગમની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ.
સહી/-
જનરલ મેનેજર (ઈ એન્ડ એ)